Date :- 08-06-2025

Sandesh, Page-07, Surat

# કોબા મેટ્રોરેલ કોપર વાયર ચોરીનો ભેદ ઉકેલાયો : UPની ખેકડા ગેંગની સંડોવણી

## ખેકડા ગેંગમાં સોથી પણ વધુ શખ્સો કાર્યરત : વાયર ચોરી માટે ટ્રેનિંગ અપાતી હતી : ગેંગ છેલ્લા દસ વર્ષથી કાર્યરત

## ગુજરાતના ભાટ, શાહપુર, વેજલપુરના ત્રણ સહિત ૩૫ ગુનાની કબૂલાત આપી : ૧૦૦થી વધુ ગુના આચર્યા હોવાની શક્યતા

। ગાંધીનગર ।

ગાંધીનગરના કોબા પાસે મેટ્રોરેલના ટ્રેક પરથી જીવંત કોપર વાયર ચોરી કરનાર આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ થયો છે. આ ગેંગ ઉત્તર પ્રદેશના બાગપત પાસે આવેલ ખેકડા ગામની છે. જે આ વિસ્તારમાં ખેકડા ગેંગથી પ્રસિધ્ધ છે. ગેંગના ૧૩ સભ્યોએ કોબા પાસે મેટ્રોરેલના કોપર વાયરની ચોરીને અંજામ આપ્યો હતો. પોલીસે હાલ તુંરત આ મામલે ચાર શખસોની ધરપકડ કરી છે. સમગ્ર ગેંગને દિલ્હીથી ઓપરેટ કરવામાં આવે છે. ગાંધીનગર પોલીસની એક ટીમ વધુ તપાસ માટે દિલ્હી જવા રવાના થઈ છે.

આ ગેંગે ગાંધીનગર અમદાવાદના ત્રણ સહિત સમગ્ર ૨ાજ૨ામાા આ૨ા૨ે ૯ાા મેટ્રોરેલ કોપર વાયર ચોરીના ૩૫ ગુનાની કબુલાત આપી છે. જોકે, આ આંકડો ૧૦૦ને પણ વટી જાય તેવી શક્યતા પોલીસે દર્શાવી છે. પોલીસે તમામ મુદ્દામાલ જપ્ત કર્યો છે. છેલ્લા દસ વર્ષથી આ ગેંગ સમગ્ર દેશમાં સક્રિય હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ છે. આ ગેંગ માત્ર જે શહેરોમાં મેટ્રોરેલ આવેલી હોય તે શહેરને જ ટાર્ગેટ કરે છે.

આ મામલે ગાંધીનગર પોલીસ અધિક્ષક રવિતેજા વાસમશેટ્ટીએ જણાવ્યુકે, ગાંધીનગર પોલીસે આ મામલે ચાર શખસોની ધરપકડ કરી છે. તેઓએ ગત તા. ૨ના રોજ રાત્રીના સમયે કોબા મેટ્રોરેલના ટ્રેક પરથી ૧૭.૮૫ લાખની કિંમતના ૭૦૦ મિટર કોપર વાયરની ચોરીને અંજામ આપ્યો હતો. આ શખસોની પ્રાથમિક પુછપરછમાં કુલ ૧૩ શખસોની આ ચોરીમાં સંડોવણી હોવાનું ખુલ્યુ છે. આ ગેંગ ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લાના ખેકડા ગામની છે. અમદાવાદ શાહપુર મેટ્રોરેલના ટ્રેક પરથી થયેલા વાયરની ચોરીમાં પણ આ ગેંગ જ સંકળાયેલી છે.

પોલીસે કોબા પાસેથી થયેલી વાયર ચોરીનો મુદ્દામાલ કલોલ પુર્વ વિસ્તારના એક રહેણાંક મકાનમાંથી જપ્ત કર્યો છે. ચોરીની ઘટનાને અંજામ આપ્યા પુર્વે આ ગેંગ એકાદ મહિનાથી અમદાવાદ કાલુપુર પાસે આવેલ સન્ની નામની હોટલમાં રોકાઈ હતી. તેઓએ ચોરી પુર્વે મેટ્રોરેલમાં મુસાફરી કરીને રેકી કરી હતી. રેકી દરમિયાન જે સ્થળે સીસીટીવી કેમેરા ન હોય અને આસાન રીતે ચોરી થઈ શકે તેવા સ્પોટને માર્ક કર્યા હતા. ત્યારબાદ રાત્રીના સમયે ચોરીની ઘટનાને અંજામ આપતા હતા. કોબા પાસેના મેટ્રોરેલ સ્ટેશન પર થયેલી ચોરી પણ રાત્રીના સમયે જ કરવામાં આવી હતી. ટ્રેકના ઉંચા પીલર પર પહોંચવા માટે તેઓ ટ્રેક નજીક આવેલા કોઈ વૃક્ષ અને અમદાવાદમાં કોઈ દિવાલ અથવા આસાનીથી હાથ પહોંચે તેવા નીચાણવાળા ટ્રેકને પસંદ કરતા હતા. કોબા પાસેના ટ્રેક પર ચડવા માટે તેઓએ ઝાડનો ઉપયોગ કર્યો હતો.

જે શખસોની ધરપકડ કરવામાં આવી છે તે પૈકી રાશીદ અંસારી અને ઈરશાદ મલીક જીવંત વાયર કાપવામાં નિષ્ણાંત હતા. તેઓ બનાવની રાત્રે ગેંગના ૧૩ સભ્યો સાથે મેટ્રોટ્રેક પર પહોંચ્યા હતા. જ્યાંથીરાશીદ, ઈરશાદ સહિતના પાંચ શખસો ટ્રેક પર ચડ્યા હતા અને બાકીના શખસો નીચે ઉભા હતા.

વાયર કાપ્યા બાદ નીચે ઉભેલા શખસોએ તેને બંડલમાં ભરીને કારમાં નાખીને પલાયન થઈ ગયા હતા. ગુનામાં જે કારનો ઉપયોગ કરવામાં આવ્યો હતો કાર જસ્ટ ડાયલ પરથી સેલ્ફ ડ્રાઈવીંગ પર રેન્ટ પર લીધી હોવાનું પણ પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યુ છે. આ શખસોએ કોપર વાયરની ચોરી કર્યા બાદ તેને કલોલ પુર્વના મકાન ખાતે લાવ્યા હતા. જ્યાંથી વાયરના પ્લાસ્ટિકના ઉપલા પડને દુર કરીને કોપર વાયરના પોટલા બાંધ્યા બાદ તેને સગેવગે કરવાનો પ્રયાસ કરતા હતા ત્યાંજ એલસીબી પીઆઈ. ડી.બી.વાળા સહિતની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી અને ચારેય શખસોને ઝડપી લીધા હતા. પોલીસે તમામ મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આ ગેંગે ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્રના પનવેલ, પુના, દિલ્હી, ઈન્દોર, ભોપાલ સહિતના શહેરોમાં હાથ અજમાવ્યો છે. ગેંગનો મુખ્ય સુત્રધાર રાઝા કુરેશી અને માસુમ યાસીન (બંને રહે, મુળ ઉત્તરપ્રદેશ)ના હોવાનું ખુલ્યુ છે. આ બંને શખસો દિલ્હીથી સમગ્ર ગેંગને ઓપરેટ કરી રહ્યા હોવાનું પણ ઉપરોક્ત શખસોની પુછપરછમાં બહાર આવ્યુ છે. હાલ તુંરત આ ગેંગે ઉપરોક્ત શહેરોમાં આચરેલા ૩૫ જેટલા ગુનાની કબુલાત આપી છે. તમામ ગુના મેટ્રોરેલ કોપર વાયર ચોરીના છે. દરેક ચોરીમાં મુખ્ય ચારથી પાંચ વ્યક્તિઓને બાદ કરતા તેઓ માણસો બદલતા હતા.

મોટાભાગે ખેકડા ગામના મજુરોને તેઓ આ ગેંગમાં સામેલ કરતા હતા. જેઓને ૨૦થી ૨૫ હજાર રૂપિયા આપવામાં આવતા હતા. આ ગેંગ છેલ્લા દસ વર્ષથી આ ગુનામાં સંડોવાયેલી હોવાનું પણ પોલીસની તપાસમાં બહાર આવ્યુ છે. પોલીસે તેમના રિમાન્ડ લઈને વધુ પુછપરછ હાથ ધરી છે.



### ૮૦ -ચોરીના લિસ્ટ સાથે દિલ્હી પોલીસ ગાંધીનગર દોડી આવી

પોલીસની પ્રાથમિક પુછપરછમાં હાલ તુંરત આ ગેંગના સભ્યોએ ૩૫ ગુનાની ચોરીની કબુલાત આપી છે. જોકે, આ ગેંગમાં દર વખતે સભ્યો બદલાતા રહે છે. જેના પગલે ચોરીનો આંકડો સોથી પણ વધુ હોવાની શક્યતા પોલીસે દર્શાવી છે. બીજીતરફ ગુજરાતની ચોરીમાં સંડોવાયેલી ગેંગે હાલ ૩૫ ગુનાની જે કબુલાત આપી છે. તેમાં દિલ્હીના ૧૪ ગુનાનો સમાવેશ થાય છે. જોકે, આ ગેંગ અંગે દિલ્હી પોલીસને જાણ કરવામાં આવતા દિલ્હી પોલીસના બે અધિકારીઓ ગાંધીનગર દોડી આવ્યા હતા. તેઓ પાસે દિલ્હી મેટ્રોરેલ ટ્રેક પરથી ચોરાયેલા વાયરોની ૮૦ જેટલી ચોરીનું લીસ્ટ હોવાનું જાણવા મળ્યુ છે. જેના કારણે આ ચોરીનો આંકડો હજુપણ વધે તેવી શક્યતા જોવાઇ રહી છે.

### ઝડપાયેલા શખ્સોની નામાવલી

• મુશરફ ઇરશાદ મુલેજાટ (ઉવ.૩૨, રહે. ખેકડા, જી. બાગપત, ઉત્તર પ્રદેશ) • રાશીદ ઇશાક ઇસ્માઇલ ધોબી (ઉવ.૨૧, રહે. ખેકડા, જી. બાગપત, ઉત્તરપ્રદેશ) • રાશીદ અબ્દુલઅઝીઝ શબ્બીર અંસારી (ઉવ.૪૫, રહે. ખેકડા, જી.બાગપત, ઉત્તરપ્રદેશ) • ઇરશાદ મજીદ અલ્લામહેર મલીક (ઉવ.૩૩), રહે. મીતલીગામ, જી. બાગપત, ઉત્તરપ્રદેશ)

### ગુનામાં સંડોવાયેલા અને વોન્ટેડ શખસોની નામાવલી

• શહેજાદ અમરૂદ્દીન મલીક • આમીર અકબર મલીક • આરીફ બાબુ મલીક • ઇકલાખ ઇકબાલ મલીક • ઇમરાન મલીક • આરીફ રફિક • અરશદ અસગર મલીક • માસુમ યાસીન મલીક (તમામ રહે. ખેકડા, જી. બાગપત) • સોનુ બાબુ કંસાર (મીતલીગામ, તા. ખેકડા, જી. બાગપત) • બીલાલ કુરેશી (રહે. કેલ્લાભટ્ટા, ગાજીયાબાદ, ઉત્તરપ્રદેશ) • રાજા કુરેશી (રહે. કેલ્લા ભટ્ટા, ગાજીયાબાદ, ઉત્તરપ્રદેશ)

### ચોરાઉ મુદ્દામાલ કાલુપુર રેલવે સ્ટેશનથી રેલવે મારફત દિલ્હી મોકલતા હતા

મેટ્રોરેલના વાયરો ચોરવામાં નિષ્ણાંત ખેકડા ગેંગના સભ્યોએ છેલ્લા એક મહિનાથી ગુજરાતમાં પડાવ નાખ્યો હતો. તેઓએ રહેવા માટે કાલુપુરમાં એક હોટલ પસંદ કરી હતી. જ્યારે ચોરાઉ મુદ્દામાલ માટે દુકાન અને મકાન ભાડે રાખતા હતા. શાહપુર મેટ્રોરેલ ચોરી સમયે તેઓએ મુદ્દામાલ સાચવવા માટે અમદાવાદમાં દુકાન ભાડે રાખી હતી. જ્યારે ગાંધીનગર કોબાની ચોરી સમયે તેઓએ કલોલ પુર્વમાં મકાન ભાડે રાખ્યુ હતું. ચોરી બાદ તેઓ મુદ્દામાલને ઉપરોક્ત સ્થળે લાવતા હતા. જ્યાં તેઓ કોપર છુટો પાડીને તેના પોટલા બાંધીને કાલુપુર રેલવે સ્ટેશન આવતા હતા. જ્યાંથી આ પોટલાને રેલવે મારફત દિલ્હી મોકલવામાં આવતા હતા. દિલ્હીથી મુખ્ય સુત્રધાર રાજા કુરેશી અને માસુમ મલિક આ મુદ્દામાલને છોડાવી લેતા હતા અને તેને સસ્તાભાવે ખુલ્લા બજારમાં વેચીને રોકડી કરતા હતા. કોબાના મુદ્દામાલમાં તેઓને બ્લેક માર્કેટમાં પાંચથી છ લાખ ઉપજવાના હતા. પોલીસને ગાંધીનગર ચોરીનો મુદ્દામાલ પ્રાપ્ત થયો છે. જ્યારે શાહપુર મેટ્રોરેલ ચોરીનો મુદ્દામાલ દિલ્હી ખાતે ઉપરોક્ત શખસોએ ડિલીવરી લઇને વેચી નાખ્યો હોવાનું બહાર આવ્યુ છે. જે મુદ્દામાલ જપ્ત કરવા સહિતની તપાસ માટે પોલીસની એક ટીમ દિલ્હી પહોંચી છે.

### જીવંત વાયરમાં શોક ન લાગે તે માટે પ્રથમ અર્થિંગ વાયર કાપતા હતા

ખેકડા ગેંગ મેટ્રોરેલના ટ્રેક પર બીછાવેલા કોપર વાયરને કાપવા માટે ખાસ ટ્રેનીંગ લેતા હતા. શહેઝાદ અને રાશીદ નામના શખસો આ માટે ટ્રેનીંગ આપતા હતા. આ શખસો અગાઉ દિલ્હી ખાતે મેટ્રોરેલમાં કામ કરી ચુક્યા હોવાથી તેઓ ઝીણામાં ઝીણી બાબતોથી વાકેફ હતા. મેટ્રોરેલના ટ્રેક પર પાથરેલો વાયરમાંથી હજારો વોટનો પાવર સપ્લાય થતો હોય છે. જેને કટરથી કાપવો જોખમી હોય છે. પરંતુ આ શખસોને મળેલી ટ્રેનીંગ પ્રમાણે તેઓ પ્રથમ ટાર્ગેટ નક્કી કર્યા બાદ અર્થિંગ વાયરને કટરથી કાપતા હતા. પ્રથમ અર્થિંગ વાયર કાપવાથી શોક લાગવાની શક્યતા નહિવત બની જતી હતી. ત્યારબાદ તેઓ ખાસ પ્રકારના કટરથી અન્ય વાયરો કાપી નાખતા હતા. પોલીસે ચોરાઉ વાયર ઉપરાંત એક કટર, કટરની ચાર બ્લેડ અને ગુનામાં વપરાયેલી કિયા કાર પણ જપ્ત કરી છે.

### આ ગુનાની આપેલી કબૂલાત

ખેકડા ગેંગના ઝડપાયેલા ચાર સભ્યોએ પોલીસની પ્રાથમિક પુછપરછમાં હાલ તુંરત ૩૫ જેટલા ગુનાની કબુલાથ આપી છે. જેમાં ગુજરાતમાં કોબા ઉપરાંત શાહપુર અને વર્ષ ૨૦૨૪માં થયેલ ગ્યાસપુર મેટ્રોરેલ સ્ટેશન પરથી થયેલી ચોરીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મહારાષ્ટ્રના પુનમાં ૧૨, પનવેલ નવી મુંબઇ ખાતેથી ૬ તેમજ દિલ્હી ખાતેથી આચરેલા ૧૪ ગુનાની કબુલાત આપી છે.